‘ગવર્નમેન્ટ ઓફ ગુજરાત’ લખેલી કારમાં ગાંધીનગર પોલીસ બનીને આવ્યા ઠગ

વેબ-ડેવલપરનું કારમાં અપહરણ કરી ૪ લાખ પડાવ્યા

સરથાણાની ઓફિસમાં ઘૂસીને વેપારીઓ પાસે ૫૦ લાખની ખંડણી માંગનાર નકલી પોલીસ ટોળકીનો પર્દાફાશ: પોલીસે ત્રણ આરોપીને દબોચી લીધા

સુરત: સરથાણા મહાવીર ચોક ખાતે આવેલી એક વેબ-ડેવલપમેન્ટ ઓફિસમાં ઘૂસીને વેપારી યુવકોનું અપહરણ કરી, આજીવન જેલમાં ધકેલી દેવાની ધમકી આપીને રૂ.૪ લાખ પડાવી લેનાર નકલી પોલીસો પૈકી સરથાણા પોલીસે ગણતરીના કલાકોમાં જ ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય ફરાર સાગરીતોની શોધખોળ હાથ ધરી છે. મૂળ અમરેલીના પીઠવાજાળ ગામના વતની અને હાલ લસકાણા પાસોદરા રોડ પર રહેતા ૨૨ વર્ષીય મિહિત પ્રકાશભાઈ દેસાઈ મહાવીર ચોક સ્થિત ‘ધ ગેલેરીયા-૨’ બિલ્ડિંગમાં ઓફિસ રાખીને ભાગીદારીમાં ઓનલાઈન વેબ-ડેવલપમેન્ટનું કામ કરે છે. ગત ૨૪ ઓક્ટોબરના રોજ બપોરે આશરે ૩ વાગ્યે તેઓ સ્ટાફ સાથે ઓફિસે હાજર હતા, ત્યારે અચાનક ત્રણ અજાણ્યા ઈસમ ધસી આવ્યા હતા. એક ઈસમે મોબાઈલમાં વિડીયો ઉતારવાનું શરૂ કરી તમામના ફોન આંચકી લીધા હતા અને ઓફિસ અંદરથી બંધ કરી દીધી હતી. આરોપીઓએ પોલીસ હોવાનો રોફ જમાવી જી.એસ.ટી. તથા ઓફિસના દસ્તાવેજો માંગ્યા હતા. પેઢી પાસે જી.એસ.ટી. નંબર ન હોવાનું અને માત્ર ભાડા કરાર હોવાનું જણાવતાં જ આરોપીઓએ ધમકી આપી હતી કે, તમે ગેરકાયદે ધંધો કરો છો, જેથી જી.એસ.ટી. માટે તમને ગાંધીનગર લઈ જવા પડશે. ત્યારબાદ ઓફિસમાંથી એક લેપટોપ જપ્ત કરી મિહિતભાઈ અને તેમના ભાગીદાર પ્રણવને બળજબરીપૂર્વક નીચે ઊભેલી સફેદ રંગની ઈનોવા કારમાં બેસાડી દીધા હતા.

ઇનોવા કારમાં ફેરવીને ૫૦ લાખની માંગણી અને ખંડણી વસૂલી

ફરિયાદીના જણાવ્યા મુજબ જે ઈનોવા કાર નં.(GJ-02-ER-7887)માં તેમને બેસાડવામાં આવ્યા તેના ડેશબોર્ડ પર લાલ રંગનું GOV. OF GUJRAT લખેલું બોર્ડ લાગેલું હતું. કારમાં ચાર શખ્સો બેઠા હતા, જ્યારે બે શખ્સો ઓફિસ પર હાજર રહ્યા હતા. આમ કુલ ૬ શખ્સ આ સમગ્ર ગુનાહિત કાવતરામાં સામેલ હતા. આરોપીઓ બંને યુવકને શ્યામધામ મંદિર નજીક લઈ ગયા હતા અને ડરાવતા કહ્યું હતું કે,અમે ગાંધીનગર પોલીસમાંથી છીએ, જો ૫૦ લાખ રૂપિયા નહીં આપો તો મોટો કેસ કરીને આજીવન જેલમાં સડાવી દઈશું. યુવકોએ આટલી મોટી રકમ આપવાની અસમર્થતા દર્શાવતાં આરોપીઓ ફરી ગાડી ઓફિસે લાવ્યા હતા અને અન્ય ભાગીદાર મિલનને પણ ગાડીમાં બેસાડી દીધો હતો. ત્રણેયને કારમાં ફેરવીને આખરે રૂ.૮ લાખ નક્કી કરવામાં આવ્યા હતા. મિલને પોતાના મોટાભાઈ અમિતને ફોન કરી નાણાંની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. આરોપીઓએ ઓફિસે રોકેલા પોતાના બે સાગરીતોને કામરેજ બોલાવી અમિત પાસેથી રોકડા રૂ.૪,૦૦,૦૦૦ પડાવી લીધા હતા. નાણાં મળ્યા બાદ આરોપીઓ ત્રણેય યુવકોને રાજ હોટલ પાસે ઉતારીને નાસી છૂટ્યા હતા. ઘટના બાદ પીડિત યુવકે સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ટેક્નિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે મુખ્ય ૩ આરોપીઓને દબોચી લીધા છે અને બાકીના સાગરીતોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

ઓન લાઈન ટેન્ડરીંગ
જાહેર નિવિદા નં.૨૪, સને.૨૦૨૬-૨૭
પંચમહાલ જિલ્લા પંચાયત મા×મ વિભાગ, ગોધરા.

કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ, જિલ્લા પંચાયત, પંચમહાલ-ગોધરા, ફોન નં. ૦૨૬૭૨-૨૫૩૩૮૪ દ્વારા ઓનલાઇન ઈ-ટેન્ડર માન્ય ઇજારદારશ્રીઓ પાસેથી થી મકાનના કામ-૪૮ જેની અંદાજી રકમ રૂા.૮.૨૩ લાખ થી રૂા.૨૦.૦૦ લાખ સુધીની કિંમત માટે ના ઈ-ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડર ના દસ્તાવેજો http://tender.nprocure.com વેબસાઇટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. ઇજારદારશ્રીઓએ ઓન લાઇન ની વેબ સાઇટ ઉપર ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગે કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

મુળભુત ટેન્ડર દસ્તાવેજ રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન જોવા મળશે.
ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઇન સબ મીશન ની છેલ્લી તારીખ.	તા.૧૬/૧૧/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઇન)	તા.૧૭/૧૧/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

(માહિતી/ગોધરા/૫૯૬/૨૬)

જાહેર નોટીસ
નગર રચના યોજના નં.૬૧ (કોસમાડા-છેડછા-ઓવિયાણ), સુરત
(આખરી યોજનાની કામચલાઉ મુલ્યાંકન દરખાસ્ત અંગે)

નગર રચના યોજના નં.૬૧ (કોસમાડા-છેડછા-ઓવિયાણ) સુરતની પ્રારંભિક યોજના સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ છે. સદર યોજનાને અંતિમ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. આ યોજના વિસ્તારમાં મોજે:કોસમાડાના બ્લોક નં.૨૦૧/પૈકી, ૨૦૨/પૈકી, ૧૯૮/પૈકી, ૨૦૮, ૨૧૩/પૈકી, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૨, ૪૨૨/પૈકી, ૪૨૩/પૈકી, ૪૨૪/પૈકી, ૪૨૬/પૈકી, ૪૨૫/પૈકી, ૨૧૪/પૈકી, ૨૧૫/પૈકી, મોજે:છેડછાના બ્લોક નં.૧૨/પૈકી, ૧૩, ૧૪, ૧૫, ૧૬/પૈકી, ૪૯/પૈકી, ૫૪, ૫૯, ૫૩, ૫૦/પૈકી, ૫૧/પૈકી, ૪૧/પૈકી, ૫૨/૧, ૫૨/૨, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૫૮, ૬૬, ૮૨, ૬૭, ૮૧, ૬૫, ૬૮, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૬૯, ૮૦, ૭૯, ૮૫, ૮૩, ૮૪, ૫૬, ૫૫, ૫૭, ૯૦, ૮૯, ૮૬, ૮૮, ૮૭, ૭૮, ૭૬/એ, ૭૬/બી, ૭૭. મોજે:ઓવિયાણના બ્લોક નં.૧૭૫, ૧૭૧, ૧૭૦, ૧૭૨, ૨૦૦/એ, ૨૦૦/સી, ૧૯૯, ૧૯૭/પૈકી, ૧૯૮/પૈકી, ૧૯૬/એ, ૧૯૬/બી, ૧૯૫/એ, ૧૯૫/સી, ૧૭૩, ૧૭૪, ૧૭૭, ૧૭૬, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૭૮, ૧૮૨, ૧૮૩, ૧૮૪/એ, ૧૮૫, ૧૯૩, ૧૯૪/એ, ૧૯૨/એ, ૧૯૨/સી, ૧૯૨/ડી, ૧૯૧/એ/પૈકી, ૧૮૬/એ, ૧૮૬/સી, ૧૮૯, ૧૯૦, ૧૮૮/૧, ૧૮૮/૨, ૧૮૭/૨, ૧૦/પૈકી, ૮/પૈકી, ૯/પૈકી, ૨૦૧/એ, ૨૦૧/સી, ૨૦૩/પૈકી, ૨૦૨, ૨૧૬/પૈકી, ૨૦૯/પૈકી, ૨૧૭/પૈકી, ૨૧૬/પૈકી, ૧૫૦/પૈકી, ૨૧૮/પૈકી, ૨૨૨, ૨૨૩, મોજે:છેડછાના બ્લોક નં.૧૨૫+૧૨૪+૨૧૬, ૧૧૮, ૧૨૦/પૈકી, ૧૨૨/પૈકી, મોજે:કોસમાડાના બ્લોક નં.૪૭૯/પૈકી, ૪૪૮/પૈકી. (નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશન લિ. મોજે:કોસમાડાના બ્લોક નં.૧૯૮/પૈકી મોજે:ઓવિયાણના બ્લોક નં.૧૮૭/૧, ૧૮૬/બી, ૧૮૪/બી, ૧૯૧/બી, ૧૯૨/બી, ૧૯૪/બી, ૧૯૫/બી, ૨૦૦/બી, ૨૦૧/બી, ૨૦૯/પૈકી, ૨૧૭/પૈકી, ૨૧૮/પૈકી) વાળી જમીનનો સમાવેશ થાય છે.

પ્રારંભિક યોજનાના અનુસંધાને રજુ થયેલા વિગતો દસ્તાવેજો/પુરાવા ધ્યાનમાં લઈ તેમજ નગર રચના યોજના થયાથી યોજના વિસ્તારમાં ખંડની કિંમત ઉપર જે અસર પડશે અને સંબંધિત ખંડને જે લાભ મળશે તે વિચારી મૂળખંડની કિંમતનો દર તેની સામે ફાળવેલ આખરીખંડની અવિકસિત અને વિકસિત કિંમતના દરો તેમજ યોજનાની અસર પામતા બાંધકામોના વળતરની કિંમત અંગે સુચિત દરખાસ્તો ઘડવામાં આવેલ છે. આ બાબતે સંબંધિત જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને-લેખિત નોટીસથી જાણ કરી તા.૨૯/૧૦/૨૦૨૬ અને તા.૩૦/૧૦/૨૦૨૬ ના રોજ રૂબરૂ સુનવણી યોજવામાં આવેલ. તેમ છતાં તેઓના ખરા સરનામાંના અભાવે અથવા અન્ય કારણોસર નોટીસ બજેલ ના હોય અથવા રૂબરૂ સુનવણીમાં હાજર રહી શકેલ ન હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયાની દિન-૦૭ માં અત્રેની કચેરીએ તૈયાર કરેલ આખરી યોજનાની દરખાસ્તોની વિગતો સમજી લઈને ઉપરોક્ત સૂચિત કિંમતના દરો/બાંધકામ વળતર અંગેની રજૂઆત જરૂરી દસ્તાવેજો, આધાર-પુરાવાઓ સહ રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન લેખિતમાં નીચે સહિ કરનાર અધિકારી સમક્ષ રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ દ્વારા કરવા જણાવવામાં આવે છે.

સ્થળ:સુરત
તા.૩૦/૧૦/૨૦૨૬

કચેરીનું સરનામું:-
સુરત નગર રચના યોજના એકમ-૧,
નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે,
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭.
Email: stp-tpo1-srt@gujarat.gov.in

(કે.ડી.પટેલ)
નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક,
સુરત નગર રચના યોજના એકમ-૧, સુરત.

ક્રમાંક : માહિતી-સૂરત/૮૨૩/૨૦૨૬

EKLAVYA MODEL RESIDENTIAL SCHOOL, AHWA
Mission Compound Near I.T.I. College, Ta.Ahwa. Dist. Dang 394710 (Gujarat)
we are hiring

The school is a Residential Co-education School for tribal students with class 6 to 12 (Commerce& Science) in English medium CBSE Board and class 11 & 12 (Science) in Gujarati medium State Board The candidates are expected to stay in school campus, unless they are from nearby areas who can commute on a daily basis.

Post and Standard / class	Educational Qualification	No. of Vacancies
TGT - Social Science (Std 6 to 10) (English medium)	(CTET/GTET Desirable) B.A., B.Ed. in Social Science	1
TGT - PET Female Teacher (Std 6 to 10) (English medium)	Bachelor's degree in Physical Education (B.P.Ed.) Master of Physical Education (M.P.Ed.)	1
PGT - Mathematics (Std 9 to 12) (English medium)	M.Sc. (Mathematics), B.Ed.	1
PGT - Chemistry (Std 9 to 12) (English medium)	M.Sc. (Chemistry), B.Ed.	1
PGT - Physics (Std 9 to 12) (English medium)	M.Sc. (Physics), B.Ed.	1
PGT - Biology (Std 9 to 12) (English medium)	M.Sc. (Botany), B.Ed.	1
PGT - Commerce (Std 11 to 12) (English medium)	M.Com. (Commerce), B.Ed.	1
PGT - Economics (Std 11 to 12) (English medium)	M.A. (Economics), B.Ed.	1
Lab Attendant (English medium)	B.Sc.	1
Counselor	MA in clinical or counseling psychology / One year Diploma in guidance	1
Warden (Female)	Post-graduation, B.Ed., M.S.W. / B.S.W.	1
PGT - Biology (Std 11 to 12) (Gujarati Medium)	(TAT Desirable) M.Sc. (Botany), B.Ed.	1

School Canteen

Post	Educational Qualification	No. of Vacancies
Supervisor (Male)	Hotel Management/ Catering Management/ Food Service Management, Basic Computer Skills	1
Cook (Male)	12th Pass, 2 Years of cooking experience in Indian, Punjabi, Chinese and South Indian food.	1
Helper (Male)	12th Pass, 1 year of experience in chopping vegetables and cleaning grains.	2
Crew Member (Female)	12th Pass, 1 year of experience in Roti making, chopping vegetables, cleaning grains - vegetables & kitchen.	9

- Interested candidates are invited to submit their updated resume along with hard copies of all relevant academic and professional documents at the school office between 31/10/2026 and 14/11/2026 from 10:00 AM to 1:00 PM.
- Shortlisted candidate will be called for an interview.
- Candidate with computer skill will be given preference.
- Salary will be offered as per competency and experience of the candidate.

Principal
Eklavya Model Residential School
Ahwa, Tal. Ahwa, Dist.Dang

ક્રમાંક:માહિતી/ડાંગ/૧૩૧/૨૦૨૬

અનુસંધાન... પાના પહેલાનું

સૌથી મોટી ક્રિપ્ટો ધાડ:...

તેણે X પર કેટલીક વિરોધાભાસી પોસ્ટ્સ પણ કરી હતી, જેમાં એક તરફ આગ્રહપૂર્વક જણાવ્યું કે ‘વપરાશકર્તાઓના ફંડ સંપૂર્ણપણે સુરક્ષિત છે’ અને બીજી તરફ એમ પણ કહ્યું કે તે ‘તમામ નુકસાનની ભરપાઈ કરશે.’ બાયનન્સે X પર લખ્યું, ‘આ એક જટિલ હુમલો હતો, અને તેને ઉકેલવા માટે અમે કાયદાકીય એજન્સીઓ સાથે મળીને તમામ શક્ય પ્રયાસો કરી રહ્યા છીએ.’ આ ચોરી ઈતિહાસની સૌથી મોટી ચોરી સાબિત થઈ શકે છે અને સંભવ છે કે તે ઉત્તર કોરિયાના હેકર્સ દ્વારા આચરવામાં આવી હોય. બાયનન્સે ગુરુવારે મોડી રાત્રે તેના લેટિન અમેરિકાના X એકાઉન્ટ પર જણાવ્યું હતું કે આ હુમલાથી કુલ અંદાજિત નુકસાન ‘લગભગ $ ૯.૩ અબજ’ છે, જે રેકોર્ડ પર થયેલી સૌથી મોટી સુરક્ષા ઘટનાઓમાંની એક હોઈ શકે છે. આ આંકડો અત્યાર સુધીના આ પ્રકારના સૌથી મોટા સાયબર-હુમલા (ગયા વર્ષે ફેબ્રુઆરીમાં બાયબિટ પ્લેટફોર્મ પરથી ચોરાયેલા $૧.૫ અબજ) કરતા ચાર ગણો મોટો છે. ૨૦૨૫ની બાયબિટ ચોરી તે સમયે ઉત્તર કોરિયા સાથે જોડાયેલા ‘ટ્રેડરટ્રેક્ટર’ નામના હેકર્સના જૂથને આભારી હતી.

ટૂંકી મુદતની નિવિદા નં.-૩ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી નાયબ કાર્યપાલક ઇજનેર, વાપી (મા × મ) પેટા વિભાગ, વાપી, ફોન નં. (૦૨૬૦) ૨૪૦૧૧૨૯ દ્વારા ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ ખાતાના ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારશ્રી પાસેથી અંદાજીત કિંમત ૪.૮૮ લાખ સુધીના બિન રહેણાંક કામગીરીના કુલ- ૧ કામ માટે સીલ બંધ ટેન્ડર માંગવામાં આવે છે. જેના ટેન્ડર ઇસ્યુ કરવાની છેલ્લી તા.૦૪/૧૧/૨૦૨૬ રાખવામાં આવેલ છે, અને ભરેલ ટેન્ડર રજી. પોસ્ટ. એ.ડી./સ્પીડ પોસ્ટથી તા.૧૨/૧૧/૨૦૨૬ સુધી સ્વીકારવામાં આવશે. ટપાલમાં થયેલ વિલંબ અંગે અત્રેની કચેરીની જવાબદારી રહેશે નહીં. કોરા ટેન્ડર મેળવતી વખતે અરજી, રજીસ્ટ્રેશનની નકલ, બેંક સોલવંસી અને બોન્ડની પ્રમાણિત નકલ તથા જરૂરી ટેન્ડર ફી આપવાની રહેશે. આવેલ ટેન્ડર સ્વીકારવાની તારીખનાં બીજા દિવસે શકય હશે તો ૧૨.૦૦ કલાકે હાજર રહેલ ઇજારદારશ્રીઓની હાજરીમાં ખોલવામાં આવશે. કામોની વિગતવાર નિવિદા અત્રેની કચેરીના નોટીશ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આવેલ ટેન્ડરો મંજુર કરવા કે નહીં તેની તમામ સત્તા સક્ષમ અધિકારીની રહેશે.

નાયબ કાર્યપાલક ઇજનેર
વાપી (મા XM) પેટા વિભાગ
વાપી

ન. માહિતી/વલસાડ/૫૧૯/૨૦૨૬

ઉમરગામ નગરપાલિકા
ટેન્ડર નોટીશ

ઉમરગામ નગરપાલિકા દ્વારા નીચેના કામો માટે ઓન લાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગતો www.tender.nprocure.com તા. ૦૨-૧૧-૨૦૨૬ના રોજ થી તા.૧૬-૧૧-૨૦૨૬ના રોજ ૧૭:૦૦ કલાક સુધી ભરી શકાશે.

અ. નં.	કામનું નામ	(૧) અંદાજીત ખર્ચ (૨) ઈ.એમ.ડી. (૩) ટેન્ડર ફી (૪) કલાસ (૫) ગ્રાન્ટ નો હેડ
૧	ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં પાવર હાઉસ વૉટર વર્ક્સ પર હાલના ૮.૫૦ એમએલડી વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નવીનીકરણ, ૪૫૦ એમએમ ડીઆઈએ જીઆરપી ડિસ્ટ્રીબ્યુશન મેઇન લાઇનનું રોડ રિસ્ટૉરેશન સાથે રિપ્લેસમેન્ટ, સિક્યુરિટિ કેબિન, કન્સ્ટ્રકશન ઓફ સીસી રોડ, કમ્પાઉન્ડ વૉલ, પેઇન્ટીંગ કરવાનું કામ (બીજો પ્રયત્ન)	૪,૨૯,૧૭,૫૦૦.૦૦ ૪,૩૦,૦૦૦.૦૦ ૬૦૦૦.૦૦ "એ" કલાસ અને તેની ઉપરની શ્રેણી ૧૫મું નાણાપંચ(ટાઇડ) ગ્રાન્ટ ૨૦૨૦-૨૧, ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને વ્યવસાય વેરા ગ્રાન્ટ ૨૦૨૫-૨૬

નોંધ :- બાનાની રકમ તથા ટેન્ડર ફીનો ડી.ડી. અને જરૂરી ડોક્યુમેન્ટ તા.૧૮-૧૧-૨૦૨૬નાં રોજ બપોરે ૧૬:૦૦ કલાક સુધીમાં નગરપાલિકા કચેરીએ રજી.પોસ્ટ એડી/કુરીયર થી પહોંચતા કરવાના રહેશે. તેમજ સ્કેન કોપી ટેન્ડર સાથે અપલોડ કરવાની રહેશે. ટેન્ડર ઓપન કરવાની (સંભવિત) તા. ૧૯-૧૧-૨૦૨૬ના રોજ ૧૬:૦૦ કલાક રહેશે. ટેન્ડરનાં તમામ હક્કો નગરપાલિકાને અબાધિત રહેશે.
નોંધ :- ઠેકેદારે પોતાનો ઈ.પી.એફ. નંબર ફરજીયાત લખવાનો રહેશે. જેની નકલ ડોક્યુમેન્ટ સાથે જોડવાની રહેશે. સરકારશ્રીનાં નિયમ મુજબ જી.એસ.ટી. લાગું પડશે.

ગૌરવભાઇ સી.કોન્ટ્રાક્ટર, કારોબારી ચેરમેન, ઉમરગામ નગરપાલિકા
ખુશ્બુબેન એસ.જાદવ, પ્રમુખ, ઉમરગામ નગરપાલિકા
(એ.એચ.સિન્હા), ચીફ ઓફીસર, ઉમરગામ નગરપાલિકા

નં.માહિતી/વલસાડ/૫૧૮/૨૦૨૬

ખેડૂતોના ખાતાઓમાં રૂ.18...

પરિવારોને આશરે રૂ.50 કરોડનો લાભ મળ્યો છે. ખેડૂતોને મળેલી સહાય અને તેમની થયેલી બચતનો હિસાબ આપતાં મોદીએ પાંચ મુખ્ય યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. કિસાન સન્માન નિધિ હેઠળ અત્યાર સુધીમાં લગભગ રૂ. 4.5 લાખ કરોડ સીધા ખેડૂતોના ખાતામાં પહોંચ્યા છે. ખાતરની કિંમતોમાં વૈશ્વિક ઉછાળા છતાં ખેડૂતોને રાહત આપવા સરકારે આશરે રૂ.16 લાખ કરોડ ખર્ચ્યા છે. ઘઉં અને ચોખાની ખરીદીમાં લઘુતમ ટેકાના ભાવ(MSP) હેઠળ ખેડૂતોને છેલ્લા 12 વર્ષમાં રૂ.24 લાખ કરોડ ચૂકવાયા છે. પાક વીમા હેઠળ રૂ.2 લાખ કરોડથી વધુનું વળતર ખેડૂતોને મળ્યું છે. જ્યારે કુસુમ યોજના હેઠળ લગભગ 12 લાખ સોલર પંપ આપવામાં આવ્યા છે.

જીવનના છેલ્લા...

યાદ તાજી કરતાં કહ્યું હતું કે, સામાન્ય પરિવારમાંથી આવેલા એક વ્યક્તિને ગુજરાત અને ત્યારબાદ દેશની સેવા કરવાની જવાબદારી લોકોએ સોંપી છે. જનસેવાથી રાષ્ટ્રસેવા અને ગુજરાતના વિકાસથી દેશનો વિકાસ, આ બે જ બાબતોને જીવનનો આધાર બનાવ્યો હોવાનું જણાવી તેમણે પોતાની 25 વર્ષની જાહેરજીવનની સફરનો શ્રેય ગુજરાત અને દેશની જનતાને આપ્યો હતો.

પશ્ચિમ રેલવે
નવા ફૂટ ઓવર બ્રિજની જોગવાઈ

ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુએ), પશ્ચિમ રેલવે મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008, BCT/26-27/206 dt. 27/10/2026 આમંત્રિત કરે છે. કામ અને સ્થળ: ઉકાઈ સોનગઢ-જલગાંવ સેક્શન: પશ્ચિમ રેલવેના ADEN/નંદુરબારના અધિકારક્ષેત્ર હેઠળ SSE/W/નવાપુર હેઠળ NSG6 લક્કડકોટ, ભાડભુંજા અને જૂના કોલડે ખાતે ડોગ લેગ્ડ રેમ્પ સાથે નવા 3.66M ફૂટ ઓવર બ્રિજની જોગવાઈ અને નંદુરબાર ખાતે જૂના જર્જરિત ફૂટ ઓવર બ્રિજની જગ્યાએ પ્લેટફોર્મ નં. 2/3થી લાઇન નં. 9 વચ્ચે નવા ફૂટ ઓવર બ્રિજની જોગવાઈ અને નવાપુર ખાતે નવા ફૂટ ઓવર બ્રિજની જોગવાઈ. અંદાજિત કામની કિંમત: રૂ. 25,41,62,926.58. ઈએમડી: રૂ. 50,83,300/-. સબમિશનની તારીખ અને સમય: 27.11.2026ના રોજ બપોરે 3.00 વાગ્યા સુધી. ખોલવાની તારીખ અને સમય: 27.11.2026ના રોજ બપોરે 3.30 વાગ્યે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0759

અમને લાઈક કરો: facebook.com/WesternRly

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત

જેલર-2
૧૧.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે: ૯.૦૦, ૧૦.૦૦
ઉડતા તીર
૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, રાત્રે: ૧૦.૧૫

APPLE CINEMA
ફર્સ્ટ માળ, એક્રોપોલિસ મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. 99984 46007
Book Tickets Now from : bookmyshow.com

કોમેડી-રોમાન્સ
પહેલા પ્યાર દુસરી બાર
૯.૨૫, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૩૦, ૬.૪૫, રાત્રે: ૧૦.૩૦

એક્શન સુપરહિટ ફિલ્મ
જેલર-2
રજનીકાંત
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૩.૦૦, ૩.૪૫, ૬.૦૦, ૭.૩૦, રાત્રે: ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦

દ્રશ્યમ- 3
અજય દેવગન, તબ્બુ
૯.૧૦, ૧૧.૫૦, ૧.૦૦, ૨.૩૦, ૫.૧૦, ૭.૨૦, રાત્રે: ૮.૩૦, ૧૦.૦૦

ફેમીલી ફિલ્મ (હિન્દી)
હનુમાન અંશ
૧૨.૦૦, ૨.૨૦, ૭.૫૦

ગુજરાતી ફેમીલી ફિલ્મ
મિત્રતા
૬.૨૦, ૫.૧૫, ૭.૫૦

ઉડતા તીર
આયુષ્યમાન ખુરાના, સારા અલી ખાન
૯.૦૫, ૧૦.૩૦, ૧૧.૩૫, ૨.૦૦, ૩.૩૫, ૬.૦૦, ૯.૦૦, રાત્રે: ૯.૩૦

ડમરુ (ગુજરાતી) ૯.૦૫, ૫.૦૦
લવ સ્ટોરી અભિમન્યુ કી (હિન્દી): ૧૨.૦૦

હોરર કોમેડી મ્યુઝીકલ ફિલ્મ

નઈ નવેલી
યામી ગૌતમ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

જબરજસ્ત એક્શન

જેલર-2
રજનીકાન્ત
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ ચાલુ છે. bookmyshow.com પર ચાલુ છે.

દુનિયામાં કોઈ મોટી આફત આવી રહી છે? કટોકટીમાં કામ લાગે તેવી કીટ તૈયાર રાખો

હાલમાં વિશ્વના ઘણા ભાગોમાં યુદ્ધ અથવા યુદ્ધ જેવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડી રહ્યો છે. યુક્રેન યુદ્ધ ચાલી રહ્યું છે, ઈરાનનું યુદ્ધ ગમે ત્યારે ફરી ચાલુ થઈ શકે છે. બે દેશો વચ્ચેના સંઘર્ષની અસર પડોશી દેશો પર પડે છે. શું આ વૈશ્વિક સંઘર્ષો વધવાના છે? શું આખી દુનિયા કોઈ મોટા યુદ્ધમાં ફસાઈ જવાની છે? કે પછી દુનિયાભરમાં ઇન્ટરનેટ લોકડાઉન લાગવાનું છે? બ્રિટન અને જાપાન જેવા દેશો તેમનાં લોકોને યુદ્ધ જેવી પરિસ્થિતિ માટે તૈયાર રહેવા માટે વિનંતી કરી રહ્યા હોવાથી આ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. બ્રિટનમાં લોકોને ત્રણ દિવસનાં રાશન, પાણી, ફ્લેશલાઇટ, બેટરી અને બાથરૂમના સામાન જેવી આવશ્યક ચીજવસ્તુઓનો સંગ્રહ કરવા સૂચના કરવામાં આવી છે. જાપાને લોકોને સાત દિવસની ઘરગથ્થુ વસ્તુઓનો પુરવઠો રાખવાની સૂચના આપી છે. અમેરિકા તેનાં લશ્કરી થાણાંઓને ૯૦ દિવસ માટે આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. પેન્ટાગોને તેના સૈનિકોને સૂચના આપી છે કે ૯૦ દિવસ વીજળી, પાણી, અનાજ અને શાકભાજી વગર રહેવાની તૈયારી કરો. તે માટે જરૂરી તમામ ચીજોનો અને સાધનોનો સંગ્રહ કરી રાખો. આ સરકારો આવું કેમ કહી રહી છે? શું આ તૈયારીઓ યુદ્ધની પુરોગામી છે? ચિંતાજનક બાબત એ છે કે આ તમામ મુખ્ય દેશો એક સાથે કટોકટી માટેની તૈયારીઓ વિશે કેમ વાત કરી રહ્યા છે?

બ્રિટન સરકારે ‘તૈયાર રહો’ નામનું એક ખાસ અભિયાન શરૂ કર્યું છે, જે હેઠળ લોકોને ઓછામાં ઓછા ૭૨ કલાક એટલે કે ૩ દિવસ માટે તેમના ઘરમાં ખોરાક, પાણી અને આવશ્યક વસ્તુઓનો પૂરતો સ્ટોક રાખવા અપીલ કરવામાં આવી છે. વાવાઝોડા અને ઇન્ટરનેટની સંભવિત ટેકનિકલ નિષ્ફળતાઓને કારણે વીજળી, પાણી અને ડિજિટલ ચુકવણી પ્રણાલી જેવી આવશ્યક સેવાઓમાં વિક્ષેપનું જોખમ વધ્યું છે. આવી કટોકટીમાં રાહત અને બચાવ ટીમોને લોકો સુધી પહોંચવામાં સમય લાગી શકે છે. સરકાર ઇચ્છે છે કે દરેક પરિવાર પહેલા ત્રણ દિવસ કોઈ પણ બહારની મદદ વગર તેમની જરૂરિયાતો પૂરી કરી શકે. સરકારે આ સલાહ જારી કરીને સ્પષ્ટતા કરી છે કે તે ગભરાટ ફેલાવવા માટે નહીં પરંતુ સાવચેતીનાં પગલાં તરીકે જારી કરવામાં આવી છે. સરકારે નાગરિકોને જીવનાવશ્યક ચીજોની ઇમરજન્સી કીટનો સ્ટોક રાખવા વિનંતી કરી છે.

સરકારી સલાહ મુજબ, કટોકટી દરમિયાન દરેક વ્યક્તિને પીવાનું પાણી મળવું જોઈએ. દરેક વ્યક્તિને દરરોજ આશરે ૩ લિટર પીવાના પાણીની જરૂર હોય છે. તે મુજબ, ત્રણ દિવસ માટે દરેક વ્યક્તિ માટે ઓછામાં ઓછું ૯ લિટર પાણી જરૂરી છે. સફાઈ અને રસોઈ માટે વધારાનું પાણી રાખો. સરકારે લોકોને ડબ્બામાં રાખી શકાય તેવી સૂકી ખાદ્ય ચીજો રાખવાની સલાહ આપી છે, જેને રાંધવા માટે ગેસ કે રેફ્રિજરેટરની જરૂર ન પડે અને જે ઝડપથી બગડતી ન હોય. બેટરીથી ચાલતી ફ્લેશલાઇટ, સ્પેર સેલ અને સંપૂર્ણ ચાર્જ થયેલ પાવર બેંક સાથે રાખવાની પણ ભલામણ કરવામાં આવે છે. વીજળી કે ઇન્ટરનેટ બંધની સ્થિતિમાં સમાચાર સાંભળવા માટે હાથમાં રાખી શકાય તેવા બેટરીથી ચાલતાં FM રેડિયો સાથે રાખવાની પણ ભલામણ કરવામાં આવે છે. પરિવારનાં સભ્યો માટે પ્રાથમિક સારવાર કીટ અને જરૂરી નિયમિત દવાઓનો સ્ટોક રાખવાની પણ ભલામણ કરવામાં આવે છે. સરકારે લોકોને રોકડ રાખવાની પણ સલાહ આપી છે, કારણ કે ડિજિટલ ચુકવણીમાં વિક્ષેપ આવે ત્યારે રોકડ રકમ સૌથી વધુ ઉપયોગી પુરવાર થશે.

બ્રિટિશ સુરક્ષા મંત્રી ડેન જાર્વિસે નાગરિકોને તેમની સ્થિતિસ્થાપકતા વધારવા માટે નાનાં પગલાં લેવા વિનંતી કરી છે. સરકારે નિર્દેશ આપ્યો છે કે ઇમર્જન્સી કિટ પરિવારના દરેક સભ્યની ચોક્કસ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવે. નવજાત શિશુઓ અથવા નાનાં બાળકો ધરાવતાં ઘરોમાં દૂધ, બાળક ખોરાક અને ડાયપરનો પૂરતો પુરવઠો રાખવો જોઈએ. પાલતુ પ્રાણીઓ માટે ત્રણ દિવસનો ખોરાક અને પાણી રાખવાની પણ ભલામણ કરવામાં આવે છે. સરકાર કહે છે કે લોકોને

યુદ્ધ પોઇન્ટ
▪ સંજય વોરા ▪

બજારમાં જઈને દુકાનોમાં ગભરાટભરી ખરીદદારી કરવાની જરૂર નથી. પહેલાં લોકોએ તેમનાં ઘરો તપાસવાં જોઈએ કે તેમની પાસે પહેલેથી શું છે. પછી, ફક્ત તે જ વસ્તુઓ એકત્રિત કરો જેનો પુરવઠો ઓછો છે અને એક સુવ્યવસ્થિત કટોકટી કીટ બનાવો. ફ્રાન્સ, નેધરલેન્ડ અને આયર્લેન્ડ સહિત અન્ય યુરોપિયન દેશોમાં પહેલાથી જ સમાન માર્ગદર્શિકા છે.

બધા દેશોને લગભગ બે દિવસ, સાત દિવસ અથવા ૧૦ દિવસ માટે એક યોજના પર કામ કરવા માટે કહેવામાં આવ્યું છે. અમેરિકા એક માત્ર દેશ છે જે તેનાં લશ્કરી થાણાંઓ માટે ૯૦ દિવસની યોજના પર કામ કરી રહ્યો છે. આ યોજના અમેરિકામાં લશ્કરી થાણાંઓને ૯૦ દિવસ માટે સ્વતંત્ર રીતે કાર્યરત કરવાની મંજૂરી આપવા માટે વિકસાવવામાં આવી છે. જાપાન આ સંદર્ભમાં ૨ નવેમ્બરે તેની યોજનાની જાહેરાત કરી શકે છે. વિવિધ દેશોની સરકારો દ્વારા જારી કરાયેલી ચેતવણીઓમાં ખરાબ હવામાન, પૂર, વીજળી ગુલ થવી, ઇન્ટરનેટ સેવામાં વિક્ષેપ, સાયબર હુમલાઓ અને યુદ્ધ જેવાં જોખમોની આગાહી કરવામાં આવી છે. આનાથી સામાન્ય જીવન પર અસર થવાની ધારણા છે. સરકાર કોઈ પણ કટોકટીના કિસ્સામાં લોકોને બાહ્ય અથવા સરકારી સહાય પર આધાર ન રાખવો પડે તે સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરી રહી છે.

જાપાનની નવી રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન એજન્સી ૨ નવેમ્બરે નાગરિકોને ઓછામાં ઓછા ત્રણ દિવસ માટે અને શક્ય હોય તો એક અઠવાડિયા સુધી ખોરાક, પાણી અને આવશ્યક ચીજવસ્તુઓનો સ્ટોક કરવાની સલાહ આપશે. જાપાન સરકારના જણાવ્યા અનુસાર, મોટા ભૂકંપ પછી વીજળી, પાણી અને પરિવહન સેવાઓ પ્રભાવિત થઈ શકે છે. જાપાનની ચિંતા યુદ્ધ નથી, પરંતુ કુદરતી આફતો છે. ભૂકંપ, સુનામી અને અન્ય આફતો માટે જાપાન લાંબા સમયથી આપત્તિ તૈયારી પર ભાર મૂકે છે. સરકાર કહે છે કે મોટા ભૂકંપ પછી વીજળી, પાણી અને પરિવહન સેવાઓ પ્રભાવિત થઈ શકે છે, તેથી પરિવારોએ શરૂઆતના દિવસો માટે તૈયાર રહેવું જોઈએ. આ સલાહનો અર્થ એ નથી કે કોઈ પણ દેશે યુદ્ધ અથવા મોટા હુમલાની ચેતવણી આપી છે. એ સ્પષ્ટ છે કે વિશ્વભરની સરકારો જોખમોને પહેલાં કરતાં વધુ ગંભીરતાથી લઈ રહી છે. આબોહવા પરિવર્તન, સાયબર હુમલાઓનો ખતરો, વૈશ્વિક પુરવઠા શૃંખલાઓમાં નબળાઈઓ અને ભૂ-રાજકીય તણાવને કારણે સરકારો કટોકટીની તૈયારીઓને મજબૂત બનાવવા મજબૂર થઈ રહી છે.

જાપાન સરકાર ૨ નવેમ્બરના રોજ એક આપત્તિ-વ્યવસ્થાપન એજન્સી શરૂ કરી રહી છે અને દેશભરનાં કેન્દ્રીય મંત્રાલયો માટે આપત્તિ પ્રતિભાવને મજબૂત બનાવવા માટે કટોકટી વિનંતી જારી કરી રહી છે. આપત્તિ વ્યવસ્થાપન મંત્રી ગોશી હોસોનોએ દરેક ઘરને ઓછામાં ઓછા ત્રણ દિવસ અને કદાચ એક અઠવાડિયા માટે ખોરાક અને પાણીનો સ્ટોક રાખવા વિનંતી કરી છે. આમાં ખોરાક અને પીવાના પાણી ઉપરાંત શૌચાલય જેવી આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે. આ વિનંતી કાયદેસર રીતે ફરજિયાત નથી, પરંતુ મોટી આપત્તિઓ માટે પરિવારો અને વહીવટી સંસ્થાઓની પ્રતિભાવ ક્ષમતા વધારવાના હેતુથી આપત્તિનિવારણ સલાહકાર છે. જાપાન સરકાર નાનકાઈ ટ્રફ ભૂકંપ, રાજધાનીની નીચે ભૂકંપ, ચિશિમા ટ્રફ અને જાપાન ટ્રફ નજીક મોટા ભૂકંપ અને માઉન્ટ ફુજી ફાટી નીકળવા જેવી ઘટનાઓને મુખ્ય આપત્તિ દૃશ્યો તરીકે ધ્યાનમાં લઈ રહી છે.

સરકારોને ડર છે કે AI ના ઉપયોગથી દુનિયાની મોટી મોટી બેન્કોની વેબસાઇટો હેક કરવામાં આવશે અને તેનાં ખાતાંઓમાં રહેલા પૈસા લૂંટી લેવામાં આવશે. તાજેતરમાં ભારતની સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાનાં હજારો ખાતાંધારકોનો ડેટા લીક થઈ ગયો તે માત્ર સેમ્પલ હતું. મોટો સાયબર હુમલો હવે આવી રહ્યો છે. સરકાર કદાચ બેન્કોને સાયબર હુમલાથી બચાવવા માટે પોતે જ બેન્કોનાં સર્વરો બંધ કરી દે તો પણ દેશમાં અફડાતફડી મચી જાય તેમ છે. જો ઇન્ટરનેટ બંધ થાય તો બેન્કનાં ખાતાંમાં પડેલા કરોડો રૂપિયા નકામા થઈ જાય તેમ છે. આવી પરિસ્થિતિમાં ત્રણ મહિના ચાલે એટલી રોકડ રકમ હાથવગી રાખવી જોઈએ. જો વીજળી પુરવઠો ખોરવાઈ જાય તો પાણી મળતું બંધ થઈ જાય, માટે ઘરમાં પીવાના પાણીનો પૂરતો જથ્થો રાખી મૂકવો જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

સરકારો દ્વારા જારી કરાયેલી ચેતવણીઓમાં ખરાબ હવામાન, પૂર, વીજળી ગુલ થવી, ઇન્ટરનેટ સેવામાં વિક્ષેપ, સાયબર હુમલાઓ અને યુદ્ધ જેવાં જોખમોની આગાહી કરવામાં આવી છે

જાહેર નિવીદા

આથી શાખ ધરાવતા વ્યકિતઓને જણાવવામાં આવે છે કે, નીચે જણાવેલ વાહનો આર.ટી.ઓ. કચેરી સુરત દ્વારા ગુજરાત મોટર વ્હિકલટેક્ષ એક્ટ-૧૯૫૮ ની જોગવાઈઓનાં ભંગ બદલ જપ્ત કરેલ છે. તે વાહનો " જેમ છે, જ્યાં છે, અને જે છે તે" (AS IS WHERE IS BASES AND AS IS WHAT IS BASIS.) તે રીતે વાહનોને સ્ક્રેપ સ્વરૂપે હરાજી કરવાનાં હોઈ, તો ઠરાવેલ શરતોથી ટેન્ડર અલગ-અલગ સીલ બંધ કવરમાં રજી.એડી. / સ્પીડ પોસ્ટ / રૂબરૂ થી મંગાવવામાં આવે છે.

કચેરીનાં ચાલુ કામકાજનાં દિવસો દરમ્યાન તા. ૩૦-૧૦-૨૦૨૬ થી તા.૦૭-૧૧-૨૦૨૬ સુધીમાં સવારે ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક દરમ્યાન રૂા. ૫૦૦/- નો ડી.ડી. કે રોકડા (નોન રીફન્ડેબલ) ભરપાઈ કે રજુ કરવાથી નિયત કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) P.R.O. (જન સંપર્ક અધિકારી) પાસેથી મેળવી શકાશે. તેમજ ઓરીજનલ ટેન્ડર ફોર્મ ભરીને પરત કરવાની છેલ્લી તા.૨૫-૧૧-૨૦૨૬ સમય ૧૭.૦૦ કલાકમાં અત્રેનાં સરનામે પહોંચતા કરવાના રહેશે. જેમાં અરજદારે પાન કાર્ડની નકલ, સરનામા ના પુરાવા તરીકે આધારકાર્ડ, મતદાનકાર્ડ ની ઝેરોક્ષ નકલ તથા નીચે કોષ્ટકમાં કોલમ-૬ માં દર્શાવ્યા મુજબ જે તે વાહન સામે દર્શાવેલ અનામતની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ રજૂ કરવાનો રહેશે. સૌપ્રથમ સીલ બંધ કોમર્શીયલ બીડ સક્ષમ અધિકારીની હાજરીમાં તા.૦૧-૧૨-૨૦૨૬ ના સમય ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે, જેમાં ચકાસણીનાં અંતે પાત્રતા ધરાવતી પાર્ટીના જ સીલબંધ ટેકનિકલ બીડ / પ્રાઈઝબીડ તુરંત જ ખોલવામાં આવશે. જેમાં ટેન્ડર ભરનાર વ્યકિત / પેઢીના પ્રતિનિધિ ઓથોરીટી લેટર સાથે હાજર રહી શકાશે.

વાહન નિરીક્ષણ તા. ૧૭-૧૧-૨૦૨૬ સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમ્યાન ના કલાકો ના સમયગાળામાં થઈ શકાશે.

ક્રમ	વાહન નંબર	વાહનનો પ્રકાર	વાહન માલિકનું નામ	અપસેટપ્રાઇઝ	અનામતની રકમ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
1	GJ05BT6530	BUS	શ્રી સરકાર	62500	6250
2	GJ05BV8602	BUS	શ્રી સરકાર	75000	7500
3	GJ05Z2078	BUS	શ્રી સરકાર	87500	8750
4	GJ03Y0673	BUS	શ્રી સરકાર	87500	8750
5	GJ05AU9072	BUS	શ્રી સરકાર	125000	12500
6	GJ05AT2452	MGV	શ્રી સરકાર	50000	5000
7	GJ19U4253	BUS	શ્રી સરકાર	75000	7500
8	GJ06AT4900	LPV	શ્રી સરકાર	15000	1500
9	GJ05YY6831	MGV	શ્રી સરકાર	87500	8750

કોઈ પણ ટેન્ડર કે ટેન્ડરો કોઈ પણ કારણ દર્શાવ્યા વિના અંશતઃ કે પૂર્ણ રદ કરવાનો અધિકાર અત્રેની કચેરીના સક્ષમ અધિકારીનો રહેશે. સદર હરાજીની શરતો નીચે મુજબની લિંક અથવા કચેરી ખાતેથી રૂબરૂ પણ મેળવી શકાશે.
https://tinyurl.com/rtosurat
સ્થળ :- પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, સુરત (પાલ)

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી
સુરત (પાલ)

ક્રમાંક : માહિતી-સૂરત/૮૧૯/૨૦૨૬